ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/ 03
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તારીખ:૨૦/૦૫/૨૦૨૫

// પરિપત્ર //

વિષય : નિગમની પેટા વિભાજનની નીતિમાં કંપનીના કિસ્સામાં પેટાવિભાજન મંજુર કરવા માટેના અપવાદરૂપ કિસ્સા તરીકે ગણવા અંગેની સ્પષ્ટતા થવા બાબત.

સંદર્ભ : (૧) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/૧(૧૦)/૪૩, તા.૦૩.૧૦.૨૦૧૨.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/૪૪, તા.૦૮.૦૬.૨૦૧૬.
(૩) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/૩૨, તા.૧૯.૧૨.૨૦૧૮.

નિગમ દ્વારા જુદી જુદી વસાહતોમાં ફાળવવામાં આવતા ઔદ્યોગિક, વાણિજ્ય અને રહેણાંક મિલકતોના પેટા વિભાજન બાબતે નિગમ દ્વારા તા.૦૩.૧૦.૨૦૧૨ ના પરિપત્રથી પેટા વિભાજનની સર્વગ્રાહી નીતિ અમલમાં મુકવામાં આવેલ. ત્યારબાદ તા.૦૮.૦૬.૨૦૧૬ ના પરિપત્રથી ફક્ત ઔદ્યોગિક મિલકતો માટેની અલાયદી પેટા વિભાજનની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. સદર પેટા વિભાજનનાં પરિપત્રમાં અપવાદરૂપ કિસ્સાઓ બાબતેની જોગવાઇ નિયત કરવામાં આવેલ છે, જે મુજબ પેટા વિભાજનનાં જે કિસ્સાઓમાં વિભાજન લોહીની સગાઇ ધરાવતા કુટુંબના સભ્યો વચ્ચે, તેમજ ફાળવણીદાર જો ભાગીદારી પેઢી હોય અને પેટા વિભાજન માત્ર ભાગીદારી પેઢીના વિસર્જનનાં કારણે ભાગીદારો વચ્ચે વહેંચણીના પ્રસંગે પેટા વિભાજન થતું હોય તેવા ઔપચારીક પ્રકારના પેટા વિભાજનના કિસ્સાઓમાં કોઇપણ જાતની પેટા વિભાજન ફી વસુલ લેવી નહીં તે મુજબની જોગવાઇ નિયત થયેલ છે. જ્યારે ફાળવણીદાર તરીકે પ્રાઇવેટ લીમીટેડ/પબ્લિક લીમીટેડ કંપનીના કિસ્સામાં થતાં પેટાવિભાજનને અપવાદરૂપ કિસ્સા તરીકે ગણવા અંગેની સ્પષ્ટતા સંદર્ભિત હયાત નીતિમાં થયેલ ન હોઇ, નિગમની ૫૨૧મી સભા દ્વારા પસાર કરેલ ઠરાવ ક્રમાંક : ૯/પો.વિતરણ/૫૨૧ તા.૨૪.૦૪.૨૦૨૫ અન્વયે સંદર્ભિત હયાત નીતિની અન્ય શરતો યથાવત રાખવા સાથે નીચે મુજબની શરતનો ઉમેરો કરી સદર પરિપત્ર અમલમાં મુકવામાં આવે છે:

"પેટા વિભાજનની નીતિમાં અપવાદરૂપ ઔપચારિક પેટા વિભાજનના કિસ્સાઓ બાબતે ફાળવણીદાર તરીકે પ્રાઇવેટ લીમીટેડ/પબ્લિક લીમીટેડ કંપનીની સંપૂર્ણ માલિકી (wholly owned subsidiary) ધરાવતી પેટાકંપનીની તરફેણમાં પેટાવિભાજીત પ્લોટને તબદીલ કરવા માટે પેટા વિભાજન કરવામાં આવતું હોય અથવા ફાળવણીદાર કંપની પોતે જ પેટાવિભાજીત

પ્લોટનો વપરાશ કરવા માંગતા હોય તો તેવા પેટા વિભાજનને અપવાદરૂપ કિસ્સા તરીકે ગણવાં. સદર નીતિ અંતર્ગત અર્થઘટન અંગેના પ્રસંગે તથા જરૂર જણાયે કોઇ કિસ્સામાં ગુણદોષને આધિન નિર્ણય લેવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે."

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇ-મેઇલ મારફતે પરિપત્રની જાણ થવા તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોશિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂં.

રવાના કર્યું,

મેનેજર(મહેકમ)
જીઆઇડીસી,ગાંધીનગર.